RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ CGST ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમની રૂબરૂ મુલાકાત લઈ GST ના વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી...




CGST ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમ રાજકોટ ખાતે આવેલ તે દરમ્યાન ડિપાર્ટમેન્ટ દ્વારા GST ને લગતા પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે મિટીંગ યોજવામાં આવેલ હતી. આ મિટીંગ દરમ્યાન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઇ ગણાત્રા તથા લીધીકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ CGST ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમની રૂબરૂ મુલાકાત લઈ મિટીંગમાં ઉપસ્થિત રહીને GST ને લગતા વિવિધ પ્રશ્નો-સુચનોની રજુઆત ધ્યાને મુકેલ હતી.

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

(૧) GST ના અમલીકરણ પછી અપીલના કેસો વધવા પામશે તે બાબતે રાજકોટ ચેમ્બર દ્વારા અગાઉ પણ રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ ફાળવવા રજુઆત કરાયેલ હતી. તેમજ સરકારશ્રીના પ્રયાસો થકી ભારત સરકાર દ્વારા નોટીફીકેશનનં.SO-3009 તા.૨૧-૦૮-૨૦૧૯ થી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ જાહેર કરવામાં આવેલ હતી. પરંતુ કોઈ કારણોસર GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના થઈ નથી અથવા કાર્યરત નથી. રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગકારોને અપીલને લગતા કેસો માટે ગાંધીનગર કે અમદાવાદ સુધીના લાંબા ધકકા ખાવા પડે છે તેમજ આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહયું છે. આમ તેઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની તાત્કાલીક સ્થાપના કરવી ખાસ જરૂરી છે.

(૨) GST ની શરૂઆતમાં રીટર્ન ફાઈલ કરતી વખતે કોઈપણ ભુલ થયેલ હોય તો તેને સુધારવા માટે ONE TIME AMNESTY SCHEME અમલમાં મુકવી.

(૩) GST માં અપીલ ફાઈલ કરતા પહેલા ઉધોગકારોને ૩૦% જેવી અસહય ભરવાપાત્ર થતી પ્રિ-ડિપોઝીટ રકમમાં રાહત આપવી ખાસ જરૂરી છે.

(૪) GIDC માં પ્લોટ ટ્રાન્સફર કરતી વખતે જે GST ઉઘરાવવામાં આવે છે તે અયોગ્ય છે. તો આ બાબતે તાત્કાલીક યોગ્ય કરવું.

(૫) બોગસ બિલીંગના કૌભાંડમાં સાચા ઉધોગકારોને નુકશાની ભોગવવી ન પડે તે માટે આવા ગુન્હાતી પ્રવૃતિ કરનાર ખોટા ઉધોગકારો સામે કડક કાર્યવાહી કરવી.

(૬) નિકાસ દરમ્યાન ફેકટરી સ્ટફીંગ કન્ટેઈનર હોય અને આવા કન્ટેઈનર RFID અને કસ્ટમ્સ સીલ બન્ને હોય તેવામાં E-WAY BILL ની જરૂરીયાત ન હોવી જોઈએ.

(૭) દરેક રાજયની ફિટમેન્ટ કમિટીમાં કેન્દ્ર સરકાર તરફથી કોઈ એક પ્રતિનિધિ હોવા જોઈએ. જેથી GST અંતર્ગત ઉદભવતા પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ લાવી શકાય. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા GST અંગેના રજુ કરાયેલ પ્રશ્નો અંગે CGST ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમએ યોગ્ય કરવા હકારાત્મક અભિગમ દાખવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.